# ‘બોનસ ઈનિંગ’ને સફળ બનાવી

**આપણી આસપાસ**
★ મિત્તલ પટેલ

‘ગાંધીનગરમાં મારું ઘર બની રહ્યું છે. મારી ભાવના છે જ્યારે મારું ઘર બની જાય ને હું મારા ઘરમાં પ્રવેશ કરું એ વખતે એવા પાંચ પરિવારો કે જેમની પેઢીમાંથી કોઈએ પાક્કું ઘર ન જોયું હોય એવા પરિવારો પણ પોતાના પાક્કા ઘરમાં પ્રવેશ કરે. આવા પાંચ પરિવારોના ઘર બાંધવામાં મારે નિમિત્ત બનવું છે.’

આપણું ઘર બંધાતું હોય ત્યારે આપણે એના લાઈટિંગ, ફર્નિચર ટૂંકમાં ઘરને વધુ સુંદર બનાવવા માટે શું કરવું એ વિચાર સાથે એની ખરીદીમાં વ્યસ્ત હોઈએ પણ વિરલભાઈ શાહ પોતાના ઘર બાંધ્યાના આનંદને અનોખી રીતે અન્યો સાથે કેવી રીતે વહેંચવો એ વિચારી રહ્યા હતા. બંધાઈ રહેલા ઘરની દિવાલો ચણાઈ રહી હતી. બારશાખ નંખાઈને ઘરનો ઉંમરો ક્યાં આવશે એ દેખાયું એની સાથે જ એમને સાબરકાંઠાના રાયગઢના શારદાબાના શબ્દો “અમને અમારો ઉંબરો આપો જ્યાં અમે કાયમ દિવો કરી શકીએ” એ યાદ આવ્યું ને સંકલ્પ પાંચ ઘર બાંધવાનો થયો.

‘સાઈ ઈતના દીજીયે, જામે કુટુંબ સમાય,
મૈ ભી ભૂખા ન રહુ, સાધુ ભૂખા ન જાયેં’

કબીર સાહેબ લિખિત આ દુહા જેવું જીવન વિરલભાઈ જીવે. પોતાને મળેલું સુખ પોતાના સુધી સમિતિ ન રાખતા એ અન્યોના જીવનમાં ઉજાસ પથરાય એ અર્થે વહેંચવાનું કરે ને એટલે જ પોતાના સુખનો, મહેનતનો હિસ્સો એ વહેંચે.

વિરલભાઈ શાહ વ્યવસાયે એન્જિનિયર ને વર્ષોથી સાઉદી અરેબિયામાં સ્થાયી થયા. ત્યાંની એક કંપનીમાં એ ઉચ્ચ હોદ્દા પર કામ કરે. અમે જે સેવાકાર્યો કરીએ એની નાનકડી વિડીયો ક્લીપ એમના એક પ્રિયજને એમને મોકલી આપી. આ ક્લીપમાં “જીવન અંજલી થાજો મારું જીવન અંજલી થાજો” એ પ્રાર્થના અંગે વાત કરલી. વિરલભાઈની આ ગમતી પ્રાર્થના. એમણે એ ક્લીપ જોયા પછી ફોન પર મારી સાથે વાત કરી. એ પછી અમારા સેવાકાર્યોમાં મદદ મોકલી આપી. હવે તો એ દર મહિને મદદ મોકલે. એમની સાથે જ્યારે પણ વાત થાય ત્યારે કહે, “નિવૃતિ પછી તમારા કાર્યમાં જોડાઈ જવું છે.” છેવટે નિવૃતિનો સમય આવી ગયો. એમણે ગાંધીનગરમાં શાંતિથી પોતાનું નિવૃત જીવન જીવવાનું નક્કી કર્યું ને પોતાનું ઘર બાંધવાનું ત્યાં શરૂ કર્યું. એ વખતે એમણે પાંચ ઘરવિહોણા પરિવારોના ઘર બાંધવાનો સંકલ્પ કર્યો ને અમે પાંચ જરૂરિયાતવાળા પરિવારો શોધી એમના ઘર બાંધવાનું શરૂ કર્યું.

વિરલભાઈ પરત આવવાની તૈયારી કરી રહ્યા હતા ત્યાં સાઉદીની એક માતબર કંપનીએ એમને વધારે સારા પગાર સાથે કંપનીમાં જોડાવવાની ઓફર કરી. વિરલભાઈ કહે, “આ તો લાલચ આવી? શું કરવું એ મૂંઝવણ થઈ.” એ વખતે વિરલભાઈ સાથે ફોન પર પણ વાત થઈ. એમણે આખી વિગત જણાવી ને કહ્યું, “ઈશ્વર કેવી કમાલ કરે છે જ્યારે વધારે ભેગુ કરવાનું બંધ કરવાનું નક્કી કર્યું ત્યારે આવી લોભામણી વિગતો સામે આવી. પણ મને લાગે ઈશ્વર મને આ ‘બોનસ ઇનિંગ’માં હું ખરેખર બીજા માટે કેટલું કરું છું એ તપાસી રહ્યો છે. બીજી રીતે કહું તો બીજાને મદદ કરવાની જાણે તક આપી રહ્યો છે.” વિરલભાઈએ આ નવી ઈનીંગ ઈશ્વર તને સમર્પીત એમ કહીને નવી નોકરી સ્વીકારી. નવી કંપનીમાં પહેલો દિવસ હતો. એ પોતાની કેબીનમાં પ્રવેશ્યા. ટેબલ પર બેઠા ને એક પીળા રંગની સ્ટીકી નોટ એમણે લીધી ને એમાં લખ્યું, ‘આ નવી ઇનિંગ ઈશ્વરને અર્પણ.’ આ ચિઠ્ઠી એમના કમ્પ્યુટર પર સતત નજર સામે રહેતી. દર મહિને જ્યારે મોટો પગાર ખાતામાં જમા થાય, ત્યારે મન કદાચ થોડું ડગે, પણ પેલી સ્ટીકી નોટ એમને ઈશ્વરની સાક્ષીએ લીધેલા સંકલ્પની યાદ અપાવતી. પરિણામે, એ કમાણીનો મહત્તમ હિસ્સો જરૂરિયાતમંદોના આંસુ લૂછવામાં વપરાવા લાગ્યો.



**‘નવી ઇનિંગ ઈશ્વરને અર્પણ.’ આ ચિઠ્ઠી એમના કમ્પ્યુટર પર સતત નજર સામે રહે છે. દર મહિને જ્યારે મોટો પગાર ખાતામાં જમા થાય ત્યારે પેલી સ્ટીકી નોટ એમને ઈશ્વરની સાક્ષીએ લીધેલા સંકલ્પની યાદ અપાવે**

દુનિયામાં અસંખ્ય લોકો છે જેને ઈશ્વર આ પ્રમાણે તક આપે છે. પણ દરેક વ્યક્તિ કુદરતના આ સંદેશાને સમજી નથી શકતા. વધારે મેળવવાની લાલચમાં લોકો પડી જાય ને જ્યારે ખ્યાલ આવે કે સભાન થાય ત્યારે ઘણું મોડુ થઈ જાય. કોઈને મદદ કરવી એ દરેક મનુષ્યની સ્વાભાવીક પ્રક્રિયા બનવી જોઈએ. એ થાય તો આપોઆપ દુનિયામાંથી પ્રાથમિક સુવિધાઓના અભાવે જે લોકો પીડા અનુભવે છે તે પીડા ઓછી થવા માંડે.



ગાંધીનગરના દેલવાડામાં વસતા ઘરવિહોણા પરિવારો સાથે અમારો નાતો વર્ષો જૂનો. આ પરિવારો માટે પાક્કું ઘર એ જાણે સપનું. વર્ષોથી આ પરિવારો ખેતમજૂરી કરતા. પણ એમાં ઝાઝુ મળે નહીં. રોજે રોજ જીવાય એવું કહીએ તો ચાલે. અમે ત્યાં રહેતા 35 જેટલા વ્યક્તિઓને લોન આપી ને એમને નાના-મોટા સ્વતંત્ર ધંધામાં જોડ્યા. જેઓ બીજાના ખેતરમાં મજૂરી કરતા હતા, એમણે લોનની રકમથી ઉધેડ ખેતી કરવાનું શરૂ કર્યું. એમની મહેનત રંગ લાવી, કમાણી વધી. આ દરમિયાન વસાહતના પાંચ પરિવારોને પ્લોટ ફાળવવામાં આવ્યા. સરકારની પ્રધાનમંત્રી આવાસ યોજનામાંથી 1.70 લાખ મળ્યા ને વિરલભાઈએ પણ મોટી રકમની મદદ કરી. આ પરિવારોએ પોતે પણ એમની સગવડ પ્રમાણે પૈસા કાઢ્યા ને એમના મજબૂત મજાના ઘર તૈયાર થયા.

આ પરિવારોની લાગણી ગૃહપ્રવશે વખતે અમે સૌ હાજર રહીએ એવી. વિરલભાઈ તો હાજર રહી શકે એમ નહોતા પણ એમના મોટાબહેન સ્મિતાબહેન ખાસ હાજર રહ્યા. પોતાના ભાઈના હાથે આવું ભગીરથ કાર્ય થયું એનો હરખ એમના ચહેરા પર સ્પષ્ટ દેખાતો હતો.

જ્યારે ઘરમાં માટલી મુકાઈ રહી હતી એ વેળા કનુભાઈ અને જ્યોત્સનાબહેનની આંખોમાં હરખના આંસુ આવ્યા. એમણે કહ્યું, “આ કોઈ સ્વપ્ન જેવું લાગે છે. અમારું તે વળી આવું ઘર હોય? ખરેખર કલ્પના નહોતી. છાપરામાં રહેવાનું. લાઈટની સુવિધા નહીં. દિવાના પ્રકાશમાં કામ કરવાનું. ચોમાસામાં રાતના ખાટલામાંથી નીચે પગ મુકતા પહેલાં ક્યાંક સાપ, વીંછી પર પગ મુકાઈ જશે તો? ની બીક લાગતી. પણ હવે નિરાંત છે.” જ્યોત્સનાબહેનની જેમ જેમનું ઘર બંધાયું તે દિનેશભાઈએ કહ્યું, “અમારા દીકરાની સગાઈ નહોતી થતી. પોતાની દીકરીને સૌ સુખમાં આપવાનું વિચારે. પણ અમારી પાસે ઘર નહોતું એટલે સંબંધ જોવા આવનાર સૌ ના કહીને જતા. પણ અમારુ ઘર બંધાવાનું શરૂ થયું કે, તુરત અમારા દીકરાનો સંબંધ થઈ ગયો.” જ્યારે દિનેશભાઈના પત્નીએ કહ્યું, “મારા બાપાયે તો મને છાપરામાં જ પરણાવી. પિયર ને સાસરા બેયમાં છાપરુ. જાણે નસીબ હારે છાપરુ જડાઈ ગયેલું લાગતું. હું આમને કહેતી તમે મને પાક્કુ ઘર મારા જીવતા જીવત બતાવજો હો, નહીં તો જીવ અવગતિએ જશે” આટલું કહીને એ હસ્યા.

દેલવાડામાં પાંચ ઘરે હરખના દીવા પ્રગટ્યા. - દુનિયામાં ઘણા લોકો પાસે સંપત્તિ છે, પણ કુદરતના સંદેશાને સમજીને તેને વહેંચનારા વિરલભાઈ જેવા વિરલ વ્યક્તિઓ ઓછા. ‘જીવન અંજલી થાજો…’ પ્રાર્થનાને એમણે માત્ર ગાઈ નથી, પણ સાર્થક કરી બતાવી. ઈશ્વર વિરલભાઈની આ ‘બોનસ ઇનિંગ’ને વધુ સફળ બનાવે ને આ પરિવારોને નવા ઘરમાં સદાય સુખ અને બરકત રહે એવી અભ્યર્થના.



